# ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર ઓફ લાઈન પ્રવેશ માટેના રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ અંગેની જરૂરી સૂચના (પ્રવેશ વર્ષ-૨૦૧૭)

- ઓફલાઈન પ્રવેશ ઈચ્છુક રજીસ્ટર્ડ ઉમેદવારોએ ખાલી રહેલી બેઠકો પરના પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા માટે www.gujacpc.nic.in ઉપર પોતાના લોગ ઈન આઈડી (Login ID) ની મદદથી **તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૧૮-૦૯-૨૦૧૭** દરમ્યાન ઓનલાઈન સંમતિ (Consent) આપવાની રહેશે.
- આ ખાલી બેઠકોની પ્રવેશ કાર્યવાહીમાં પ્રથમ વર્ષ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ વર્ષ-૨૦૧૭ ના મેરીટ સમાવિષ્ટ તમામ ઉમેદવારો કે જેઓએ **ઉપરોક્ત સમયમર્યાદામાં સંમતિ આપેલ હશે તેઓ જ સદર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.**
- આ ખાલી બેઠકોની પ્રક્રિયામાં જે ઉમેદવારોએ અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ નથી / મેરીટમાં સમાવિષ્ટ નથી તેવા જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ **તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૧૫-૦૯-૨૦૧૭** દરમ્યાન એસીપીસી, અમદાવાદ ખાતેથી રૂા. ૩૫૦/- રજીસ્ટ્રેશન ફી ભરી રજીસ્ટ્રેશન કરાવેલ હશે તેવા ઉમેદવારો પણ સદર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.
- ઓનલાઈન સંમતિ આપનાર ઉમેદવારો અને નવા રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોની નવી સામાન્ય મેરીટ યાદી, (Common Merit List) **તા. ૨૦-૦૯-૨૦૧૭** ના રોજ www.jacpcldce.ac.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે અને તે મુજબ બેઠકોની ફાળવણી કરવામાં આવશે.
- પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ (તા. ૨૨-૦૯-૨૦૧૭ થી તા. ૨૩-૦૯-૨૦૧૭) મા પોતાના **નવા મેરીટ નંબર મુજબ** પ્રવેશ સમિતિ, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે (અ) ઓનલાઈન રજીસ્ટર્ડ થયેલ ઉમેદવારે સંમતિ આપ્યા બાબતના પત્ર (Consent Letter) ની પ્રિન્ટ આઉટ સાથે અથવા (બ) નવુ ઓફલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારે રજીસ્ટ્રેશન સ્લીપની નકલ સાથે રૂબરૂ હાજર રહેવાનું રહેશે. ઉમેદવારોને જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો માંથી તેમની પસંદગી પ્રમાણે તેમજ નવા મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. રૂબરૂ કાઉન્સેલીંગ દરમ્યાન ઉમેદવાર જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકોમાં પોતાની પસંદગીની બેઠક ઉપલબ્ધ ના હોય તો પોતાના પ્રવેશ અંગેની અસંમતિ દર્શાવી શકે છે અને આવા ઉમેદવારનો અગાઉનો પ્રવેશ કાયમ રહેશે. ઓફ લાઈન પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન મળેલ પ્રવેશ કાયમ કરાવ્યા બાદ ભરવા પાત્ર ફી જે તે સંસ્થા ખાતે ભરવાની રહેશે.
- આ ખાલી બેઠકોની પ્રક્રિયામાં પોતાનો હાલનો પ્રવેશ રદ્દ કરાવ્યા વગર પણ ભાગ લઈ શકશે. પરંતુ ઉમેદવારને જો સદર પ્રક્રિયામાં ખાલી પડેલ જગ્યાઓમાં પ્રવેશ મળશે તો જુનો પ્રવેશ આપો આપ રદ્દ થશે તથા ફી રીફંડની કાર્યવાહી સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે "જુનો પ્રવેશ રદ્દ થવાથી એ સંસ્થા ખાતે જો તેની સામે બેઠક ફાળવાશે તો ફી રીફંડ મળવા પાત્ર રહેશે."
- શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૨૦૧૮ ની ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૮-૦૯-૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ઉમેદવારે પોતાને અગાઉનો મળેલ પ્રવેશ રદ્દ કરાવવો હોય તો જે સંસ્થામાં પ્રવેશ મળેલ હોય તે સંસ્થામાં લેખીતમાં અરજી કરવાની રહેશે. પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે.
- વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતાં ઉમેદવારોને પ્રવેશ મળતાં તેમના દ્વારા ખાલી થયેલ આનુશાંગીક સરકારી, અનુદાનીત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન તબક્કાવાર ખાલી બેઠકોની માહિતી વારંવાર પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને પોતાનો નવો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યાર બાદ ઓફ લાઈન પ્રવેશ માટે પ્રવેશ સમિતિ ખાતે નવા મેરીટ ક્રમાંક મુજબ હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે.

**તા. ૧૨-૦૯-૨૦૧૭**

**— મેમ્બર સેક્રેટરી**